# મારું હૃદય

વર્ષ-૪, અંક-૪૧, ૧૫ મે, ૨૦૧૩

CIMS®
Care Institute of Medical Sciences

Price ₹ 5/-




### કાર્ડિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. અનિશ ચંદારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |

### કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. દીપેશ શાહ | +૯૧-૯૦૯૯૦ ૨૭૯૪૫ |

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |

### વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન

| | |
|---|---|
| ડૉ. સૃજલ શાહ | +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮ |

### કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ


| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |


## હૃદયના વીજપ્રવાહમાં ખરાબી

આપણે શરૂઆતમાં હૃદયમાં વસતાં વીજ-જોડાણ (ઇલેક્ટ્રિસિટી - Electricity) વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. આ રચનામાં સાયનો-ઍટ્રિયલ નોડ'(એસ.એ.નોડ) નામના વીજપ્રવાહ ઉત્પન્ન કરનાર હૃદયના ભાગનો સમાવેશ થાય છે. એસ.એ.નોડ હૃદયના ધબકારાની ગતિ નક્કી કરતું હોવાથી તેને 'પેસમેકર' (એટલે ગતિ નક્કી કરતું સાધન) કહેવાય છે.




પેસમેકર : સાયનો એટ્રિયલ નોડ

હૃદયના પેસમેકરમાંથી વીજપ્રવાહ સર્જાય, ત્યાંથી તે હૃદયના બીજા એક અગત્યના ભાગ દ્વારા હૃદયના બધા ભાગોમાં વહેતો થાય છે. છેલ્લે, વીજપ્રવાહ હૃદયના સ્નાયુઓમાંથી વહે છે. એક મિનિટમાં લગભગ ૭૦-૮૦ વખત આવા વીજપ્રવાહ પેદા થાય. દરેક વીજપ્રવાહ પેદા થાય તેને વીજળીનો 'ઇમ્પલ્સ' કહેવાય છે. દરેક ઇમ્પલ્સમાંથી એક ધબકારો બને છે, અને તેથી આપણા હૃદયની ધબકારાની ગતિ ૭૦-૮૦ ધબકારા પ્રતિ મિનિટ હોય છે. હૃદયની અંદરનો વીજપ્રવાહ આપણે અનુભવી શકતા નથી, કારણ કે તે ખૂબ નબળો હોય છે. તેના વૉલ્ટેજ મિલિવૉલ્ટ્સમાં માપવામાં આવે છે. અવારનવાર હૃદયમાં વીજપ્રવાહમાં અડચણ આવે છે.



કૅથલૅબમાં પેસમેકર મૂકવામાં આવે છે.

સામાન્ય રીતે હૃદયનો સ્નાયુ વીજપ્રવાહનો સારો વાહક હોય છે, પણ હૃદયરોગના હુમલા પછી હૃદયના સ્નાયુનો અમુક ભાગ જડ બનીને તેનો વાહકગુણ ગુમાવી શકે છે. હૃદયના નુક્સાનવાળા સ્નાયુમાંથી વીજપ્રવાહ

પસાર ન થઈ શકે. પરિણામે સરજાય છે અનિયમિત ધબકારા, વીજપ્રવાહમાં અવરોધ અથવા તો વધારે ધીમા અથવા વધારે ઝડપી હૃદયના ધબકારા.


દર્દી : 'ડૉક્ટર મારા મગજના ફોટામાં શું દેખાય છે?'

ડૉક્ટર : 'કશું જ નહીં.'

ક્યારેક પેસમેકર ઉપર અસર પડે છે, અને હૃદય એટલું ઝડપથી ધબકવા લાગે છે કે તે સ્થિતિ જીવને જોખમમાં મૂકી દે તેવી હોય છે. એ સમયે અમો હૃદયરોગ નિષ્ણાતોમાં રહેલા ઇલેક્ટ્રિશિયન્સ બાજી સંભાળી લે છે. હૃદયરોગની જે શાખા આ રીતના વીજળીના ફેરફારોનો ઇલાજ કરે છે તેને ઇલેક્ટ્રોફિઝિયોલોજી (ઇ.પી.) કહે છે.

## ઍરિધમિયા કોને હોય?

હૃદયના ધબકારાના અનિયમિત તાલને ઍરિધમિયા કહેવાય છે, જે અડચણરૂપ અથવા જીવલેણ પણ બની શકે. પાલ્પિટેશન'(હૃદયના ધબકારાનો તકલીફયુક્ત અનુભવ, અસાધારણ ઝડપી ધબકારા), પ્રિ-સિન્કોપ (ચક્કર આવતા પહેલાંની સ્થિતિ એટલે કે મોળ આવવા, અંધારાં આવવાં), સિન્કોપ (ચક્કર આવતી વખતની સ્થિતિ એટલે કે ચક્કર, પડી જવું બેભાનાવસ્થાની સ્થિતિ)ના દર્દીઓને હૃદયના ઍરિધમિયા હોઈ શકે.



ઍરિધિમયાનો ઈસીજી

## ઇલેક્ટ્રોફિઝિયોલોજી શું છે?

ઇલેક્ટ્રોફિઝિયોલોજી સ્ટડી (ઈ.પી.એસ.) હૃદયના ધબકારાનું નિદાન કરવામાં મદદરૂપ થાય છે. તેની કાર્યપદ્ધતિ કાર્ડિયાક કૅથેટરાઈઝેશનને મળતી આવે છે. ખાસ પ્રકારના કૅથેટર હૃદયની અંદર પસાર કરવામાં આવે છે અને અતિ-આધુનિક કમ્પ્યૂટર વડે અલગ-અલગ જગ્યાએ વીજક્રિયા માપવામાં આવે છે. અયોગ્ય વીજપ્રવાહ ઉત્પન્ન કરતી જગ્યાઓનો ઓળખીને તેમનું સ્થાન શોધવામાં આવે છે. આનાથી સારવાર કરવાની જગ્યા નક્કી થઈ શકે છે.

ડૉક્ટરોની દુનિયામાં મેડિકલમાં ભણતા વિદ્યાર્થીઓની બુદ્ધિ સૌથી ઓછી હોય એવું વડીલ ડૉક્ટરો માને. એટલે આવા જોક મેડિકલ કૉલેજમાં ચાલતા હોય.

'વીજળીનો ગોળો બદલવા કેટલા વિદ્યાર્થીની જરૂર પડે?'

'ચાર...! એક ગોળો બદલવાની માહિતી પુસ્તિકા પકડે, બીજો એ પુસ્તિકા વાંચે, ત્રીજો એ મુજબ ગોળા બદલવાની કોશિશ કરે અને ચોથો કેસ બગડે તો પ્રોફેસર સાહેબને બોલાવવા તૈયાર ઊભો હોય.'


## આર.એફ.એ. શું છે?

ઇ.પી.એસ. કરતી વખતે જ હૃદયની અંદર અન્ય કૅથેટર પસાર કરવામાં આવે છે અને રેડિયોફ્રિક્વન્સી (આર.એફ.) વડે અયોગ્ય વીજપ્રવાહ ઉત્પન્ન કરતી જગ્યાઓનો ઇલાજ કરવામાં આવે છે. તેના પછી નથી કોઈ વધારાનો વીજપ્રવાહ સર્જાતો કે ન તો અનિયમિત ધબકારા સર્જાતા. આને આર.એફ. એબ્લેશન કહે છે. વાંચવામાં ભલે આ બહુ સરળ લાગે, પણ આ પ્રક્રિયાની આધુનિકતા તો ઇ.પી. સાધનની સુંદર મજાની નજાકત અને તેના સાથે જોડાયેલ કૉમ્પ્યૂટર જોવાથી જ ખબર પડે. ગુજરાતમાં અમુક હૉસ્પિટલોમાં ઇ.પી. સ્ટડી અને આર.એફ. એબ્લેશન રોજબરોજ થાય છે.

## એ.આઈ.સી.ડી.

એ.આઇ.સી.ડી. એ ઑટોમેટિક ઇમ્પ્લાન્ટેબલ કાર્ડિયોવર્ટર ડિફિબ્રિલેટરનું ટૂંકું રૂપ છે, જે એક સુપર પેસમેકર'છે. હૃદયના ધબકારા ખૂબ જ વધી જાય છે ત્યારે આ સાધનનું કામ પડે છે. કદમાં તે પેસમેકર જેવડું જ છે અને તેને ચામડીની નીચે મૂકવામાં આવે છે. તેના વીજધ્રુવ (Wires) હૃદયની અંદર મૂકવામાં આવે છે, જે હૃદયના કોઈ પણ ભયજનક સંકેત તેમજ હૃદયની ઝડપને ઓળખવા અને તેની સારવાર કરવા સક્ષમ હોય છે. તે હૃદયને આંતરિક આંચકો (internal shock) આપે છે તેમ જ નબળું હૃદય (૩૦ ટકાથી ઓછું પંપિંગ) અને હૃદયના ધબકારાની ઝડપી ગતિ (વેન્ટ્રિક્યુલર ટેકિકાર્ડિઆ) ધરાવતા દર્દીઓ માટે જીવન બચાવનારું સર્વોત્તમ સાધન છે.


એ. આઈ. સી. ડી.



એ. આઈ. સી. ડી. છાતીમાં ઉપરોક્ત જગ્યાએ મૂકાય


## એન્જિયોગ્રાફી ફક્ત સાત સેકન્ડ માં



વિશ્વનું સૌથી ઝડપી એન્જિયોગ્રાફી મશીન (ફિલિપ્સ એક્સપર ટેકનોલોજી) સીમ્સમાં ઉપલબ્ધ છે. આ મશીનમાં ફક્ત ૭ સેકન્ડમાં એન્જિયોગ્રાફીના ફોટા પડે છે. આજના ઝડપી સમયમાં દર્દી માટે આ ઝડપી સુવિધા

એન્જીયોપ્લાસ્ટીના સારા પરિણામ માટે સ્ટેન્ટ બુસ્ટ ટેકનોલોજી

સીમ્સ કાર્ડિયાક ટીમ ૨૭ વર્ષ કરતાં વધુ અનુભવ સાથે ભારતની અગ્રણી કાર્ડિયાક ટીમ પૈકી એક

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :
+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪

# કૃત્રિમ પેસમેકર્સ

ક્યારેક હૃદય તેના કામ માટે યોગ્ય વીજપ્રવાહ ઉત્પન્ન કરી શકતું નથી. આના પરિણામે જન્મે છે અનિયમિત અને અચાનક આવતા ધબકારા, જેને કારણે ચક્કર આવે છે, પડી જવાય છે અને તાણ અથવા બેહોશી આવી જાય છે, કારણ કે હૃદયના ધબકારા ધીમા પડી ગયા હોય છે. એથી મગજને પૂરતું લોહી પહોંચતું નથી. આ પ્રકારના રોગ માટેનો ઉપાય છે કૃત્રિમ પેસમેકર.



હૃદયનું કૃત્રિમ વિદ્યુતમથક : પેસમેકર (અસલ માપ)

પેસમેકર અલગ અલગ પ્રકારના હોય છે, અને તે વીજ-પ્રવાહ દ્વારા એવા નિયમિત ધબકારા ઉત્પન્ન કરે છે, જે હૃદયને યોગ્ય આકુંચન કરવામાં મદદ કરે છે. આધુનિક પેસમેકર શ્રેષ્ઠ સંયંત્ર છે. તે બન્ને ક્ષેપકો ઉપર અસર કરે છે. બાય-વેન્ટ્રિક્યુલર'પેસિંગ તરીકે ઓળખાતું એ સંયંત્ર બન્ને ક્ષેપકોને અવરોધો વગર ધબકવામાં મદદ કરે છે અને ભારતમાં ઉપલબ્ધ છે.


## કૃત્રિમ પેસમેકર્સ

કૃત્રિમ પેસમેકર એવું સાધન છે જે હૃદયના સ્નાયુને યોગ્ય રીતે સંકોચવામાં મદદ કરે છે. એ બેટરી દ્વારા ચાલે છે. કેટલાંક પેસમેકર્સ છાતીની ચામડીની નીચે કાયમી ધોરણે અંદર મુકાય છે તો કેટલાંક હંગામી ધોરણે વપરાય છે અને શરીરની બહાર મૂકવામાં આવતાં હોય છે.

પેસમેકરથી હૃદય તરફ વીજળીનો પ્રવાહ લઈ જવા અને પાછો લાવવા હૃદય સાથે તાર (વાયર્સ) જોડવામાં આવે છે. આ તારનો એક સમૂહ પેસમેકરને હૃદયના ધબકારાના દર વિશેની માહિતી મોકલે છે. આ વીજળીનો પ્રવાહ અતિ સૂક્ષ્મ હોય છે અને એને સામાન્ય રીતે વીજળીના ઇમ્પલ્સ અથવા સિગ્નલ કહેવાય છે.

## પેસમેકર ક્યારે વપરાય?

જ્યારે દર્દીના શરીરમાંનું કુદરતી પેસમેકર હૃદયના સ્નાયુને વીજળીના યોગ્ય સંદેશ ના મોકલે અને હૃદયના ધબકારા અનિયમિત અથવા ખૂબ ઓછા થાય છે ત્યારે કૃત્રિમ પેસમેકરનો ઉપયોગ થાય છે.




પેસમેકર એક નાનકડા ઑપરેશન વડે છાતીમાં મુકી શકાય છે.

તંદુરસ્ત હૃદયમાં વિશિષ્ટ પ્રકારના કોષો ('પેસમેકર કોષો') દર મિનિટે નિયમિત વિદ્યુત સંદેશ મોકલે છે જેથી હૃદયના સ્નાયુ સંકોચાય છે. હૃદય સામાન્ય રીતે દર મિનિટે ૫૦થી ૧૦૦ વખત ધબકે છે. તમારી પ્રવૃત્તિઓ મુજબ આ ધબકારમાં વધારો અથવા ઘટાડો થાય છે.

કેટલીક વખત હૃદયહુમલો, દવા તથા બીજા રોગ હૃદયને નુકસાન કરે છે. એના પરિણામે પેસમેકર કોષો યોગ્ય રીતે કાર્ય કરી શકતા નથી. જ્યારે તેઓ ખરી રીતે ઇમ્પલ્સ ના મોકલે તો તમારા હૃદયનો દર ઝડપી, ધીમો અથવા અનિયમિત થાય. તમને એમ થાય કે તમારું હૃદય વધુ ઝડપી અથવા ધીમું ધબકી રહ્યું છે. તેવું પણ લાગે કે ધબકારા ગુમાવી રહ્યું છે. જ્યારે તમારું હૃદય વધુ ઝડપી અથવા વધુ ધીમું ધબકે, તો તે શરીરની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં લોહી ના પહોંચાડે.

એવે વખતે દર્દી માથામાં દુઃખાવો, થાક અથવા બેભાનાવસ્થા અનુભવે. કૃત્રિમ પેસમેકર દ્વારા હૃદયના ધબકવાના આદર્શ દર જાળવી શકાય. પેસમેકરનો દર વધારવા અથવા ઘટાડવા માટે ગોઠવણ કરી શકાય છે.


કૃત્રિમ પેસમેકર હૃદયના ધબકારાની આદર્શ ગતિ સાચવે છે. જ્યારે હૃદયના ધબકારા અમુક રેખાથી ઊંચા જાય છે ત્યારે પેસમેકર બંધ થાય છે. પરંતુ જ્યારે હૃદયના ધબકારા ખૂબ જ ધીમા પડે ત્યારે પેસમેકર પાછું ચાલુ થઈ જાય છે. આવા પેસમેકર્સને ડિમાન્ડ પેસમેકર્સ (demand pacemakers) કહે છે.

## પેસમેકરની સંભાળ

પેસમેકર એની અંદરની બેટરી ઉપર ચાલે છે. આ બેટરી સામાન્ય રીતે ૭થી ૧૨ વર્ષ સુધી ટકે. બેટરીની ક્ષમતા ચકાસવા ડૉક્ટર સલાહ આપે તે પ્રમાણે પેસમેકરની નિયમિત સમયાંતરે

તપાસ કરવાની હોય છે. આ તપાસ એક નાના કૉમ્પ્યુટર દ્વારા થાય છે.

પેસમેકરની બેટરી પૂરેપૂરી વપરાય ત્યાર પછી પેસમેકર અને બેટરી બન્ને બદલવાં પડે. આ ઑપરેશન સરળ છે. ડૉક્ટર ચામડીની નીચે આવેલું જૂનું પેસમેકર કાઢશે અને એને જોડેલા હૃદયના તાર છૂટા કરશે. પછી તારોના એ જ છેડા નવા પેસમેકરને જોડી એને ચામડીની નીચે મૂકી ટાંકા લઈ ઘાવ બંધ કરશે.


પેસમેકર હાથમાં સમાય

## શું પેસમેકરથી ફાયદો થાય?

પેસમેકર દ્વારા અનિયમિત હૃદયના ધબકારાને નિયમિત બનાવી દર્દીને સામાન્ય જીવન અપાય છે. પેસમેકર ખૂબ જ સફળ રીતે સન ૧૯૫૦થી મુકાવાતાં આવ્યાં છે. લાખો લોકોએ એનો લાભ લીધો છે અને હજી લઈ રહ્યા છે.

પેસમેકર ધરાવતા દર્દીએ એના આસપાસના યંત્રો તથા સાધનોનો ખ્યાલ રાખવો જરૂરી છે, કારણ કે અમુક સાધનો પેસમેકરનું કાર્ય બગાડી શકે.

## આટલું સુરક્ષિત છે


- સામાન્ય રીતે એક્સ-રેની પેસમેકર પર અસર થતી નથી.
- સીબી રેડિયો, ઇલેક્ટ્રિક ડ્રિલ, ઇલેક્ટ્રિક બ્લેન્કેટ્સ, ઇલેક્ટ્રિક શેવર્સ, હેમ રેડિયો, હીટિંગ પેડસ્, મેટલ ડિટેક્ટર્સ, માઇક્રોવેવ ઓવન, ટી.વી. અને રિમોટ કન્ટ્રોલ સામાન્ય રીતે પેસમેકર્સને નુકસાન કરતાં નથી તેમજ પેસમેકરના પેસિંગને બદલતા નથી. ઉપરોક્ત ઘરવખરીના સાધનો કોઈ પણ ચિંતા વગર પેસમેકર સાથે વાપરી શકાય.
- અમુક માનસિક બીમારીઓમાં વપરાતી ઇલેક્ટ્રો-કન્વલ્ઝિવ થેરાપી પેસમેકર ધરાવતા દર્દીઓને આવશ્યકતા હોય તો આપી શકાય.
- લિથોટ્રિપ્સી (કિડનીની પથરીને ઓગળવા વપરાય તે સારવાર) પણ પેસમેકરવાળા દર્દીઓ માટે સુરક્ષીત છે.

## પેસમેકર ધરાવતા દર્દીઓએ આનું ધ્યાન રાખો

- રેડિયેશન દ્વારા કેન્સરની સારવાર વખતે, પેસમેકરની સર્કિટસ્‌ને નુકસાન થઈ શકે.
- પેસમેકર પાવર ઉત્પન્ન કરતાં સાધનો, આર્ક વેલ્ડિંગ તથા શક્તિશાળી લોહચુંબકોની પાસે યોગ્ય રીતે કાર્ય ન કરે.
- લોહચુંબકનો દાખલો છે મેગ્નેટિક રેસોનન્સ ઇમેજિંગ (એમ.આર.આઇ.)ની તપાસ, જેમાં આંતરિક અંગોનાં ચિત્રો બનાવવા શક્તિયુક્ત લોહચુંબકોનો ઉપયોગ કરાય છે. પેસમેકર ધરાવતા દર્દીઓની MRI તપાસ ન કરાવવી જોઈએ.
- શોર્ટવેવ અથવા માઈક્રોવેવ ડાયાથર્મી, ઉચ્ચ ફ્રિક્વન્સી અને તીવ્રતાના સિગ્નલ ઉપયોગમાં લે છે. આમાં પેસમેકરને નુકસાન થઈ શકે.

## આટલું કરો

- તમને પેસમેકર મૂક્યું હોય તો તમારા ફૅમિલી ડૉક્ટર અને ડેન્ટિસ્ટને એની અવશ્ય જાણ કરજો.
- તમે જો પેસમેકર ધરાવતા હોવ તો તમારી પાસે તેની માહિતી આપતું ઓળખપત્ર અવશ્ય રાખો જેથી તમને કાંઈ થાય તો અજાણ્યા ડૉક્ટરોને તમારો ઇલાજ કરતાં ફાવે.


એક્સ-રેમાં પેસમેકર દેખાય

એક વાર એક દર્દી તાવ માટે ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે કોઈને વંચાય નહીં તેવા અક્ષરોમાં દવાઓ લખી આપી. દર્દીએ ચિઠ્ઠી પાકિટમાં મૂકી પણ દવા લાવવાનું ભૂલી ગયા.

ત્યાર બાદ એ દર્દીએ બે વર્ષ સુધી દરરોજ સવારે એ ચિઠ્ઠી પાસ તરીકે બતાવી લોકલ ટ્રેઇનની મુસાફરી કરી.

પછી એ ન વંચાય એવી દવાની ચિઠ્ઠીને ટિકિટના બદલામાં બતાવીને બે વખત પિક્ચર જોયાં, એક વખત સંગીતના કાર્યક્રમમાં અને એક વખત સેમિનારમાં પણ જઈ આવ્યા.

એ જ ચિઠ્ઠીને મોટા સાહેબની ભલામણ ચિઠ્ઠી તરીકે ખપાવી તેમણે બઢતી મેળવી.

એક દિવસ તે ચિઠ્ઠી તેમની દિકરીના હાથમાં આવી. તેને એ પિયાનોના સંગીતનું નોટેશન લાગ્યું. એણે પિયાનો પર એ ધૂન વગાડીને સંગીત વિશારદ માટે શિષ્યવૃત્તિ મેળવી.

પણ કમનસીબે પછી એ ચિઠ્ઠી ખોવાઈ ગઈ.

આવી ચમત્કારિક હોય છે ડૉક્ટરોની ચિઠ્ઠીઓ.

**ડૉ. અજય નાઇક - કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

**સૌજન્ય : 'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ**

CIMS® Care Institute of Medical Sciences At CIMS... We Care

# સીમ્સ ક્લિનિક, મણીનગર

## સીમ્સ ક્લિનિક, મણીનગરમાં નીચેના વિભાગોનું કન્સલટેશન ઉપલબ્ધ છે.

| દિવસ | નામ | સ્પેશ્યાલીટી | સમય |
|---|---|---|---|
| સોમવાર | ડૉ. વિજય શેઠ | ન્યુરોસર્જન | સવારે ૯.૩૦ થી ૧૨ કલાક સુધી |
| | ડૉ. વિનિત સાંખલા | ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | સવારે ૧૧ થી ૧ કલાક સુધી |
| | ડૉ. અતિત શર્મા | જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન | બપોરે ૧ થી ૩ કલાક સુધી |
| | ડૉ. ભાગ્યેશ શાહ | ક્રિટિકલ કેર સ્પેશ્યાલીસ્ટ | બપોરે ૨.૩૦ થી ૫ કલાક સુધી |
| | ડૉ. મીતુલ પરીખ | પીડિયાટ્રીક યુરોલોજીસ્ટ | સાંજે ૫ થી ૬ કલાક સુધી |
| | ડૉ. કશ્યપ શેઠ | પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ | સાંજે ૬ થી ૮ કલાક સુધી |
| મંગળવાર | ડૉ. દીપેશ શાહ | કાર્ડિયોથોરાસીક સર્જન | સવારે ૯.૩૦ થી ૧૨ કલાક સુધી |
| | ડૉ. વિનિત સાંખલા | ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | સવારે ૧૧ થી ૧ કલાક સુધી |
| | ડૉ. દેવાંગ પટવારી | નેફ્રોલોજીસ્ટ | બપોરે ૧૨ થી ૨.૩૦ કલાક સુધી |
| | ડૉ. ચિરાગ પટેલ | જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન | બપોરે ૧ થી ૩ કલાક સુધી |
| | ડૉ. જયંત ઝાલા | જીઆઇ સર્જન | સાંજે ૪ થી ૬.૦૦ કલાક સુધી |
| | ડૉ. પુરવ પટેલ | સ્પાઇન અને ન્યુરો સર્જન | સાંજે ૫ થી ૬.૩૦ કલાક સુધી |
| | ડૉ. વિનિત સાંખલા | ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | સાંજે ૫ થી ૮ કલાક સુધી |
| | ડૉ. નિતેશ શાહ | પલ્મોનોલોજીસ્ટ | સાંજે ૬ થી ૮ કલાક સુધી |
| બુધવાર | ડૉ. સુરેન્દ્ર શુક્લા | લેપ્રોસ્કોપીક સર્જન | સવારે ૯.૩૦ થી ૧૨ કલાક સુધી |
| | ડૉ. વિનિત સાંખલા | ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | સવારે ૧૧ થી ૧ કલાક સુધી |
| | ડૉ. હેમાંગ અંબાણી | જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન | બપોરે ૧ થી ૩ કલાક સુધી |
| | ડૉ. વિપુલ ઠક્કર | ક્રિટિકલ કેર સ્પેશ્યાલીસ્ટ | બપોરે ૨.૩૦ થી ૫ કલાક સુધી |
| | ડૉ. ચિરાગ ઠક્કર | જીઆઇ સર્જન | સાંજે ૪ થી ૬.૦૦ કલાક સુધી |
| ગુરૂવાર | ડૉ. ઉર્મિલ શાહ | ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | સવારે ૯.૩૦ થી ૧૨ કલાક સુધી |
| | ડૉ. દિપેશ શાહ | કાર્ડિયોથોરાસીક સર્જન | સવારે ૯.૩૦ થી ૧૨ કલાક સુધી |
| | ડૉ. યતીન પટેલ | એન્ડોસ્કોપીક સર્જન | સવારે ૧૦ થી ૧૨ કલાક સુધી |
| | ડૉ. દેવાંગ પટવારી | નેફ્રોલોજીસ્ટ | બપોરે ૧૨ થી ૨ કલાક સુધી |
| | ડૉ. લોકેશ ઠક્કર | જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન | બપોરે ૧ થી ૩ કલાક સુધી |
| | ડૉ. જયંત ઝાલા | જીઆઇ સર્જન | સાંજે ૪ થી ૬.૦૦ કલાક સુધી |
| | ડૉ. સૃજલ શાહ | એન્ડોવાસ્ક્યુલર સર્જન | સાંજે ૫ થી ૬.૩૦ કલાક સુધી |
| | ડૉ. મીતુલ પરીખ | પીડિયાટ્રીક યુરોલોજીસ્ટ | સાંજે ૫ થી ૬ કલાક સુધી |
| | ડૉ. નીતેશ શાહ | પલ્મોનોલોજીસ્ટ | સાંજે ૬ થી ૮ કલાક સુધી |
| | ડૉ. કશ્યપ શેઠ | પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ | સાંજે ૬ થી ૮ કલાક સુધી |
| શુક્રવાર | ડૉ. વિનિત સાંખલા | ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | સવારે ૧૧ થી ૧ કલાક સુધી |
| | ડૉ. અમિર સંઘવી | જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન | બપોરે ૧ થી ૩ કલાક સુધી |
| | ડૉ. કશ્યપ શેઠ | પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ | સાંજે ૬ થી ૮ કલાક સુધી |
| | ડૉ. પ્રણવ એ મોદી | કાર્ડિયોથોરાસીક સર્જન | બપોરે ૨ થી ૩ કલાક સુધી |
| | ડૉ. ચિરાગ ઠક્કર | જીઆઇ સર્જન | સાંજે ૪ થી ૬.૦૦ કલાક સુધી |
| શનિવાર | ડૉ. દેવાંગ પટવારી | નેફ્રોલોજીસ્ટ | બપોરે ૧૨ થી ૨.૩૦ કલાક સુધી |
| | ડૉ. કશ્યપ શેઠ | પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ | સાંજે ૬ થી ૮ કલાક સુધી |

દરેક ડિપાર્ટમેન્ટના કન્સલટેશન માટે પહેલેથી એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી છે.
પેથોલોજી, ઇસીજી, ઇકોકાર્ડિયોગ્રાફી, ટીએમટી, પીએફટી ટેસ્ટ તથા અન્ય ઘણી બધી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

CIMS® Care Institute of Medical Sciences At CIMS... we care

**સીમ્સ ક્લિનિક (મણીનગર) :**
પહેલો માળ, શાંત પ્રભા હાઇટ, વલ્લભ વાડી સામે, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૨૫૪૪ ૦૩૮૨-૮૩ (મો) + ૯૧-૯૦૯૯૧ ૮૨૨૨૨
www.indianheart.com

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

## સીમ્સ હોસ્પિટલ

પ્રિમિયર મલ્ટી-સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ



CIMS

**તમારા અમુલ્ય જીવન માટે**

**અમે હાજર છીએ 24 x 7**

*At CIMS... we care*



## સર્વોચ્ચ ગુણવત્તા યુક્ત આરોગ્ય સેવા માટે NABH અને NABL દ્વારા પ્રમાણિત

NABL

(National Accreditation Board for Hospitals & Healthcare Providers)

**૧૫૦ બેડની હોસ્પિટલમાં ખુબ જ ટુંકા સમયમાં NABH અને NABL ની માન્યતા પ્રાપ્ત કરવા બદલ સીમ્સ હોસ્પિટલની કુશળ તથા પ્રતિબદ્ધ ટીમનો ખુબ આભાર**

નેશનલ એક્રેડિશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ (એનએબીએચ) ભારતીય ગુણવત્તા સમિતિનું માળખાકીય નિગમ છે જેની સ્થાપના હેલ્થકેર સંસ્થાઓ માટે ઓળખ સ્થાપિત કરવા માટે અને તેનું સંચાલન કરવા માટે કરવામાં આવી છે.

- કાર્ડિયોલોજી
- કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જરી
- પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જરી
- વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જરી
- થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જરી
- કાર્ડિયાક એનેસ્થેસીયોલોજી
- ટ્રોમા
- ક્રિટીકલ કેર
- પલ્મોનોલોજી
- પીડિયાટ્રીક અને નીઓનેટોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- બ્રેઇન (ન્યુરો) અને સ્પાઇન સર્જરી
- એન્ડોસ્કોપી
- બેરીયાટ્રીક સર્જરી
- ઓર્થોપેડીક્સ અને જોઇન્ટ રીપ્લેસમેન્ટ
- ઓન્કો (કેન્સર) સર્જરી
- ન્યુરોસર્જરી
- જીઆઇ સર્જરી
- જનરલ સર્જરી
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ઓબ્સેટ્રીક અને ગાયનેકોલોજી
- પેઇન મેનેજમેન્ટ
- યુરોલોજી
- ડાયાલીસીસ
- પ્લાસ્ટીક સર્જરી
- ઇએનટી સર્જરી
- નેફ્રોલોજી
- ફિઝિયોથેરાપી, ડાયેટ અને રીહબીલીટેશન
- રેડિયોલોજી
- ડેન્ટીસ્ટ્રી
- પેથોલોજી
- માઇક્રોબાયોલોજી

Green Hospital

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

**એપોઇન્ટમેન્ટ માટે ફોન**
(સવારે ૯ થી સાંજે ૫ સુધી)
રવિવાર સિવાય

+૯૧-૭૯-૩૦૧૦ ૧૦૦૮, ૩૦૧૦ ૧૨૦૦
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧
ઇમેલ : opd.rec@cimshospital.org

**સીમ્સ હોસ્પિટલ :** શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦
**મણીનગર સીમ્સ ક્લિનિક :** પહેલો માળ, શાંત પ્રભા હાઇટ, વલ્લભ વાડી સામે, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. એપોઇન્ટમેન્ટ માટે ફોન : ફોન : +૯૧-૭૯-૨૫૪૪ ૦૩૮૨-૮૩ (મો) +૯૧-૯૦૯૯૧ ૮૨૨૨૨

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :**
+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪

www.cims.me
અમે ઉપલબ્ધ છીએ Facebook, Twitter, Blogger, Linkedin
સીમ્સ એપ્લિકેશન ડાઉનલોડ કરો

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2013-2015 issued by SSP Ahmedabad valid upto 31st December, 2015
Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2012 valid upto 30th June, 2014

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines)
Fax: +91-79-2771 2770
Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧–૭૯–૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

## નિઃશુલ્ક સીપીઆર શીખો અને એક જિંદગી બચાવો (કાર્ડિયોપલ્મોનરી રેસસીટેશન/કાર્ડિયાક મસાજ)

- શું તમારી આજુ-બાજુ કોઈનું હૃદય એકાએક બંધ પડી ગયું છે?
- કોઈ બેહોશ થઈ ગયું છે?
- કોઈનો શ્વાસ રૂંધાઈ ગયો છે?





**સીમ્સ હોસ્પિટલ દર મહિનાના પહેલા રવિવારે ૨ કલાક માટે નિઃશુલ્ક સીપીઆરનાં કલાસનું આયોજન કરે છે.**

**સીપીઆર એટલે હૃદયની ગતિ બંધ પડી હોય એવા વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પ્રક્રિયા કે જે કોઈપણ સામાન્ય વ્યક્તિ શીખી અને અપનાવી શકે છે?**

**સમયઃ સવારે ૧૦ થી ૧૨**
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
**(મો) ૯૧ ૯૦૯૯૦ ૬૬૫૨૮**

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... We Care

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦
ઈ-મેઈલ: info@cims.me, વેબ: www.cims.me

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ ધ હાર્ટ કૅર ક્લિનિક વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ,
ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.